ખેડૂતોનું એકમાત્ર દૈનિક અખબાર

# કૃષિ પ્રભાત

મેનેજિંગ તંત્રી : મયૂર મહેતા

તા. ૦૫-૦૩-૨૦૨૨ • શનિવાર • પાના ૧૬ • RNI GUJGUJ/2006/18948 • krushiprabhat01@gmail.com



'કૃષિ પ્રભાત'
જાહેર ખબર આપવા માટે સંપર્ક કરો
કપીલ ખાદીકર
75671 33377








## ખેડૂત પ્રભાત



## ક્યાં પાકતી ધાણીનો કલર આંખે વળગે ?

જુઓ પાના નંબર ૬







## પ્રાકૃતિક ખેતી

## ખેત તલાવડીના બાહરી કિનારાને સુગંધી વાળાથી બાંધી લેતા મેઘજળ જમીનમાં ઊંડે ઉતરે છે

જુઓ પાના નંબર ૧૧

ખેડૂતોનું એકમાત્ર દૈનિક અખબાર

# કૃષિ પ્રભાત

મેનેજિંગ તંત્રી : મયૂર મહેતા

તા. ૦૫-૦૩-૨૦૨૨ • શનિવાર • પાના ૧૬ • RNI GUJGUJ/2006/18948 • krushiprabhat01@gmail.com

'કૃષિ પ્રભાત'
જાહેર ખબર આપવા માટે સંપર્ક કરો
કપીલ ખાદીકર
75671 33377

" તડબુચ-ટેટી સ્પેશ્યલ " ગેરંટેડ વાયરસ સુરક્ષા

તડબુચ-ટેટી વાયરસ સુરક્ષા, ગેરંટેડ રામ બાણ ઇલાજ
વાયરસ આવતો રોકે, વાયરસ આવેલાનો સફાયો
વાયરસનો સંપૂર્ણ કન્ટ્રોલ, તડબુચ-ટેટીની વધારે ટકાઉ
વજનદાર ફળ, નક્કર વધુ મીઠો ગર્ભ
" તડબુચ-ટેટી સ્પેશ્યલ " વાપરો છંટકાવ કરો, ડ્રીપ માં આપો

ટેકનીકલ સલાહ સુચન: સૂર્યા હર્બલ
મો : ૯૩૨૭૨ ૩૩૩૨૨ – પટેલ સાહેબ

મોદીકેરની ખેડૂતોને વધુ ગુણવતાવાળા પાક માટે ત્રણ ખેતીને ઉપયોગી પ્રોડકટ મળી શકશે

એક્ટિવઝાઇમ તથા એક્ટિવ૮૦ વાપર્યા બાદ સાત દિવસમાં પાકનો ગ્રોથ જોઇ શકાય છે







ખેડૂતોને બારે માસ અલગ અલગ પાકો જેવા કે, મગફળી, અનાજ, સકરજન, નારંગી વગેરેમાં મોદીકેરની પ્રોડકટ ઓછા ખર્ચે વધુ પાક મેળવવામાં મદદરૂપ થાય છે.
સમય અને શક્તિનો પણ બચાવ કરે છે.

Modicare

મોદીકેરની ખેતી ઉપરાંત તમામ પ્રકારની પ્રોડકટ મેળવવા માટે

જૈમિન મહેતા

MOBILE : 79847 69517
Gmail :jaiminmehta1999@gmail.com

## મહિલા ખેડૂત બોલે ખેતરેથી...

### ખેતીના વ્યવસાય સાથે પાપડ, અથાણા, મેંગોની ફ્રૂટી જેવી ચીજો માટે ગૃહ ઉદ્યોગ શરૂ કર્યો છે...

- શેરડી નાની હોય, ત્યારે વચ્ચેની જગ્યાના પુરક પાક તરીકે ચણા અથવા ઉનાળે મગનો પાક વાવીએ છીએ



### કપાસમાં પાછોતરા સતત વરસાદ અને ગુલાબી ઇયળને લીધે ઉતારામાં કોઇ ઠેકાણા રહ્યાં નથી...

- કપાસ છોડી દેવો છે, પરંતુ આ વર્ષે ઉંચકાયેલ બજારો જોઇ કપાસ છોડવાનું મન પણ થાય એમ નથી.



જુઓ પાના નંબર ૮

ખેડૂતોનું એકમાત્ર દૈનિક અખબાર

# કૃષિ પ્રભાત

મેનેજિંગ તંત્રી : મયૂર મહેતા

તા. ૦૫-૦૩-૨૦૨૨ • શનિવાર • પાના ૧૬ • RNI GUJGUJ/2006/18948 • krushiprabhat01@gmail.com



'કૃષિ પ્રભાત'

જાહેર ખબર આપવા માટે સંપર્ક કરો

કપીલ ખાદીકર

75671 33377



AgriMedia®

ખેડૂતો માટે ખુશ ખબર ખાસ કરીને ખેતી ને લગતી તમામ સમસ્યાઓના સમાધાન માટે એક ઉમદા પ્રયાસ કરી અને ખેડૂતો ખેતરમાં હોય ત્યાં જ કે ઘરે હોય ત્યાં જ કે ગામમાં હોય ત્યાં જ એને પ્રશ્નનું અથવા તો સમસ્યાઓનુ સમાધાન મળી શકે તે માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી અને ડિજિટલ પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવેલું છે જેમાં ખેડૂતોની કોઇપણ પ્રકારની સમસ્યાઓ ને લગતા પ્રશ્નો મોબાઇલમાં જ પૂછી શકે છે અને તેનો જવાબ પણ મોબાઇલની અંદર જ મળે છે. આમ ઘર બેઠાં ગંગા ને સાર્થક કરતું ડિજિટલ પ્લેટફોર્મ : એગ્રી મીડીયા ટીવી મોબાઇલ એપ છે.

ખેડૂતને એક પણ પૈસાનો ખર્ચો કરવાનો થતો નથી અને તેની સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આ માટે તમારે ભૂલ્યા વગર એગ્રી મીડીયા ટીવી મોબાઈલ એપ ડાઉનલોડ કરી લેવી પડશે અને તેના પ્રશ્ન અને જવાબ વિભાગમાં જઈને પ્રશ્ન પૂછી શકો છો અને આપ કૃષિ સમસ્યાઓનું નિવારણ મેળવી શકો છો. **અહીં ક્લિક  કરો અને ડાઉનલોડ કરો એગ્રી મીડીયા ટીવી મોબાઇલ એપ.**


## ઘઉંના કુવરનું મહત્વ છે, ઇ ઘઉં વાઢે...



આજે સામાન્ય રીતે ઘઉંની કાપણીમાં ખેડૂતો હાર્વેસ્ટર બોલાવી લેતા હોય છે. રાજકોટના વીંછિયા-જસદણ જેવા વિસ્તારમાં બે-પાંચ વીઘાનું વાવેતર હોય, તો એક બીજા ગામના ખેડૂતો ઢાલવા (અરસ-પરસ કામ કરવું) કરી લેતા હોય છે. ઘઉં વાઢ્યા પછી થ્રેસરમાં કાઢી, ત્યારે મળતું ડૂર (કુવર) મગફળીના પાલા સાથે પશુઓને નિરવામાં આવે છે. છેલ્લે બચ્યું-કૂચ્યું કુવર ચોમાસે પશુઓના દાબામાં નાખવાના ઉપયોગમાં પણ લેવાતું હોય છે. આ વિસ્તારના નાના ખેડૂતોને ત્યાં હજુ પશુપાલન ટક્યું છે. તેથી ઘઉંના કુવરની કિંમત છે. પ્રગટ તસવીરમાં વીંછિયા તાલુકાના ભડલી ગામે દિનેશભાઇ મગનભાઇ તાવિયા (મો.૯૮૯૮૨ ૩૨૨૭૩) ના એક એકર ઘઉં વઢાતા જોઇ શકાય છે. અહીં ઘઉંનું મોટું વાવેતર કરનાર ખેડૂતો જ કપાણી માટે હાર્વેસ્ટર બોલાવતા હોય છે.

**તસવીરઃ સુરેશ ઝાપડિયા (ભડલી)**

# ગુવારના ભાવ સુધારાથી વાવેતરમાં ખેડૂતોનું આકર્ષણ



- નર્મદા કેનાલના અનિશ્રિત પાણી અને ઓછા તળપાણીને લીધે ઉનાળું વાવેતરમાં ગુવારની પસંદગી...

**રમેશ ભોરણિયા તા.૪**

આજથી આઠ-નવ વર્ષ પહેલા ગુવાર સીડના માર્કેટમાં ભારા-ઉભારા હતા. બજારો પ્રતિ ૨૦ કિલો રૂ.૪૫૦૦ને ટચ થઇ ચૂકી હતી. ત્યાર પછીના ઘટ્યા ભાવે પણ બે વર્ષ સુધી વાવેતર અપ રહ્યું હતું. એ વખતના ત્રણ વર્ષમાં ગુવારની બજાર પટકાઈને રૂ.૧૦૦૦થી નીચે સરકી ગઇ હતી. તેથી ખેડૂતોએ ગુવાર વાવેતરનું નામું નાખી દીધું હતું. ઘણા વર્ષથી ઉનાળું વાવેતરમાં તળિયે બેઠેલ ગુવાર, આ વખતના ઉનાળું વાવેતરમાં પસંદગી પામી રહ્યોં છે.

જો કે આજ વર્ષોથી કચ્છના રાપર-ભચાઉ પટ્ટામાં બંને સિઝન દરમિયાન ગુવારનું પશુઓના ખાણ ઉપયોગ માટે વાવેતર થતું હતું. ઓછા પાણી અને ઓછા ખર્ચની ખેતી તરીકે આ વખતે ગુવારનું વાવેતર થોડું આગળ ચાલશે.

ગુવારે છેલ્લા ચારેક મહિનાથી રૂ.૧૦૦૦થી નીચે બેઠેલ બજાર ઉચકાણી છે. વેપારી વર્તુળોના કહેવા મુજબ દશકે ગુવારમાં ફરી તેજીની થોડી હવા લાગવાના સંજોગો છે, પણ યુધ્ધની તંગદીલીથી ગુવારની માર્કેટને બ્રેક લાગી છે.

કચ્છ અંજાર તાલુકાના હિરાપર ગામના બાબુભાઈ વેલજીભાઈ કેરાસિયા (મો.૯૯૨૫૪ ૧૮૩૮૮) કહે છે કે અમારે આ ઉનાળે પાણીની થોડી અછત હોવાથી પ્રથમ નંબરે ગુવાર, બીજા નંબરે તલ અને ત્રીજા નંબર પર મગફળી વાવેતર રહેશે. ગત વર્ષે ગુવાર પ્રતિ ક્વિન્ટલ રૂ.૩૯૦૦નો ભાવ હતો, તે આજે સુધરીને રૂ.૫૬૦૦ થી રૂ.૬૦૦૦ સુધી બોલાયો છે.

તેઓ વધુમાં કહે છે કે અમારે અહીં એરંડા વાવેતર કરવાનું છે, એ ખેડૂતો ગુવાર પકવશે. ચોમાસે કપાસ અને મગફળીનું વાવેતર કરવા ઈચ્છતાં ખેડૂતો ગુવાર મોટો થયે, એનો જમીન સુધારણા માટે લીલો પડવાસ કરી નાખવાના વેંતમાં છે.

સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રા તાલુકાના નારિચણા ગામના અશોકભાઈ રાજપૂત (મો.૯૫૫૮૪ ૭૪૩૩૩) અને મોરબીના માળિયા (હા.) તાલુકાના જુના ઘાંટીલા ગામના અશોકભાઈ વીડજા (મો.૯૬૦૧૪ ૪૫૬૯૦) કહે છે કે આ વખતે નર્મદા બ્રાંચ નહેરોના પાણી અનિશ્રિત હોવાથી ખેડૂતોએ સમજીને જ ઉનાળું ગુવારના વાવેતર કરી દીધા, તે ઉગી પણ નીકળ્યા છે. નહેરના પાણી મળે તો ઠીક છે, નહિંતર ન છૂટકે લીલો પડવાસ.

## અત્યારે યુધ્ધથી ગુવારમાં બ્રેક, પણ ભવિષ્ય ઉજળું...

**ગમ ગુવારમાં વિદેશી માંગ વધી રહી છે, તેની સામે હાલ માર્કેટમાં દરરોજ ૩૫ હજાર ગુણીની જરૂરત સામે ૧૦ હજાર થી ૧૨ હજાર ગુણીની આવક થતી હોવાની વાત કરતાં રવીરાજ ગમદાળ ઇન્ડ.ના વલ્લભબાઇ પટેલ કહે છે કે બાકી ૨૦ હજાર ગુણી જુના સ્ટોકમાંથી વપરાઇ રહી છે. ગુવારની પાઇપ લાઇન ખાલી થતી આવે છે, તે ૨ મહિનામાં કદાચ તળિયા ઝાટક થઇ શકે છે. હાલ રશિયા-યુક્રેનના યુધ્ધને કારણે ગમની નિકાસમાં રૂકાવટ આવતા, સુધરતા ભાવને બ્રેક લાગી છે. ક્રૂડતેલ મોંઘુ થયું છે, ત્યારે અમેરિકાની ગુવારમાં પુછપરછ આવી છે. આમ ગુવારનું ભવિષ્ય ઉજળું દેખાય છે.**

કૃષિ પ્રભાતનાં વોટસએપ ગ્રૂપમાં કોઈ કારણોસર જોડાય ન શકો તો મો. ૭૫૭૩૦૧૨૯૧૦ ઉપર KRUSHI લખી વોટસએપ કરવો

કૃષિ પ્રભાત રોજ વહેલી સવારે તમારા મોબાઈલમાં સીધુ મેળવવા અહીં ક્લીક કરો

CLICK

# કૃષિ પ્રભાત તમને બીજા કોઈ મોકલે છે?

## કૃષિ પ્રભાતનાં વોટસએપ ગ્રૂપમાં સભ્ય બનીને દરરોજ વહેલી સવારે સીધુ તમારા મોબાઈલમાં આ ડિજીટલ અખબાર મેળવો




**વોટસએપ ગ્રૂપમાં જોડાવવા માટે અહીં ક્લીક કરો**

CLICK

કૃષિ પ્રભાતનાં વોટસએપ ગ્રૂપમાં કોઈ કારણોસર જોડાય ન શકો તો મો. ૭૫૭૩૦ ૧૨૯૧૦ ઉપર KRUSHI લખી વોટસએપ કરવો

આ પેજ ઉપર ક્લીક કર્યાં બાદ તમારા મોબાઈલમાં

## મો. ૭૫૭૩૦૧૨૯૧૦ કૃષિ પ્રભાતનાં

નામે સેવ કરી લો અને દરરોજ કૃષિ પ્રભાત વોટસએપમાં મેળવતા રહો.

## કૃષિ પ્રભાતનાં ટેલિગ્રામ ગ્રૂપમાં જોડાવવા માટે અહીં ક્લીક કરો

CLICK

**ટેલિગ્રામ ગ્રૂપમાં આપ જૂના કૃષિ પ્રભાત પણ વાંચી શકશો અને તમારા મોબાઈલની મેમરી જગ્યા પણ નહીં રોકે.**

(જે હજારો ખેડૂતો પહેલાથી જ અમારી સાથે જોડાયેલા છે તેમને ફરીથી આ લિન્કમાં ક્લીક કરવાની જરૂર નથી.)

# જીરૂ પેદા કરવું, એ ખાંડાના ખેલ બરાબર !

ફિલ્ડ ફાઈલ ફોટો



એમ કહોને પુરા ૯ વર્ષ પહેલા એટલે કે માર્ચ-૨૦૧૩ના પ્રથમ સપ્તાહમાં પ્રગટ તસવીર મોરબીના ટંકારા તાલુકાના હમીરપર ગામે ક્લિક થયેલ છે. દેવજીભાઇ તરશીબાપા વૈદનો પરિવાર જીરાના પાકને ધાર દઇ રહ્યાંનું તસવીરમાં જોઇ શકાય છે. ૨૦૧૨નું વર્ષ દુષ્કાળનું હતું, એટલે અનિશ્ચિત પાણીના સ્ત્રોત ધરાવતા ખેડૂતોએ ૨૦૧૨-૧૩ની રવી સિઝનમાં જીરા વાવેતરના સાહસ કર્યાં હતા. એ વર્ષે ઘણા અનુભવી ખેડૂતોએ કહ્યું હતું કે દુષ્કાળને હિસાબે જીરાના વિકાસ માટે જોઇતો પાણી, મેઘરવો અને ઠંડીની કમી રહી જતાં, છોડનો પુરો વિકાસ થયો નહોતો, તેથી વીઘા વરાળે ઉતારા ઘટ્યા હતા. જો કે આ વખતે ઘણા વિસ્તારમાં જીરાના ખેતરો સાવ સાફ થઇ જવાની નોબત એ વર્ષે નહોતી ઉતરી. ઓછા મણિકા પણ ક્વોલિટી જીરૂ પાક્યું હતું. એટલે જ કહેવાય છે કે જીરૂ પેદા કરવું, એ ખાંડાના ખેલ બરાબર છે.

**તસવીરઃ રમેશ ભોરણિયા**

# ક્યાં પાકતી ધાણીનો કલર આંખે વળગે ?

● ધાણા કે ધાણીમાં આ વર્ષે પ્રતિકૂળ હવામાનને કારણે ૨૫ થી ૩૫ ટકા કાપ મુકાયો છે.

આજની તસવીર કથામાં અમે ધાણાના કલર માટે મથામણ કરતાં ખેડૂતોની કોઠાસૂઝ મુકી છે. ધાણા-ધાણી પેદા કરવામાં ક્વોલિટી સાથે કલરનું ઘણું મહત્વ છે. એમાંય સુપર-ડુપર કલરની ધાણી લણવામાં દેવભૂમિ દ્વારકા અને પોરબંદરમાં આવતો બરડો-બારાડી પંથક મોખરે છે. અહીંના ખેડૂતો ધાણી તૈયાર કરવામાં ખાસ ચીવટ રાખતા હોવાની વાત કરતાં પોરબંદર તાલુકાના રાણા રોજીવાડા ગામના પ્રતાપભાઇ શીંગરખિયા (મો.૯૦૯૯૮ ૬૬૬૦૭)કહે છે કે ધાણા કે ધાણીમાં આ વર્ષે પ્રતિકૂળ હવામાનને કારણે ૨૫ થી ૩૫ ટકા કાપ મુકાયો છે. કલર ધાણી લેવામાં ધાણા કરતાં ઉતારો ઓછો મળે છે. ધાણી કે ધાણાના પાકમાં એનો લીલવણી કલર જળવાયેલો રહે તો કાયમ એના સારા દામ ઉપજતાં હોય છે. અમારા વિસ્તારમાં બેસ્ટ ક્વોલિટી અને કલર ધાણી પેદા કરવામાં રૂપામોરા, રાણા રોજીવાડા, ભુમિયાવદર, પારાવાડા, કાલાવડ (રેટા), બુંદલા, તણખલા, જામ રોજીવાડા જેવા ગામો ટોચ પર છે. દરેક યાર્ડમાં એ ગામોની ધાણી નામથી વેચાતી હોય છે. ત્યાંના ખેડૂતો ધાણીમાં કાપણી કર્યા પછી એની કલર ક્વોલિટી જાળવવા માટે ખૂબ જહેમત લેતા હોય છે. ધાણાની જેમ પુરી પાકવા દેવા કરતાં આઠ-દશ દિવસ ધાણી વહેલી વાઢવી પડે છે. જેથી એનો લીલો કલર મળે. એવી બેસ્ટ ક્વોલિટીની ધાણી અને સામાન્ય ધાણા વચ્ચે પ્રતિ ૨૦ કિલોના ભાવમાં રૂ.૨૦૦ થી રૂ.૩૦૦ આસપાસનો તફાવત રહેતો હોય છે. એવી ધાણીની ગુણી ખુલે એટલે એનો કલર આંખે વળગવા સાથે સોડમ પણ એટલી જ મનભાવન હોય છે !



# ખેડૂત પ્રભાત કોલમનો વર્ષ ૧૧માં મંગલ પ્રવેશ...



રમેશ ભોરણીયા
મો. ૯૯૨૫૪ ૫૪૯૯૫




પાછલા ૧૦ વર્ષની મજલમાં ખેડૂત પ્રભાત કોલમ સાથે કોમોડિટી વર્લ્ડ અને કૃષિ પ્રભાત દ્વારા લાખો વાંચકો જોડાયાનો અમને આનંદ છે. જુદા જુદા વિસ્તારમાંથી ખેડૂતોના એટલા પ્રતિભાવ મળી રહ્યાં છે કે કૃષિ પ્રભાત કેટલા લોકો વાંચે છે, એની કલ્પના ખોટી પડે છે. એ વાંચકોમાં ખેડૂતો છે, કૃષિ જણસીઓના વેપારીઓ છે, કૃષિ જણસીનું પ્રોસેશ કરતાં ઉદ્યોગકારો છે અને કૃષિ વૈજ્ઞાનિકો પણ છે. એ માંહેના ઘણા બધાને ફેઇસ ટુ ફેઇસ મળ્યા ન હોવા છતાં એમના રણકતા અવાજમાંથી એકાદ મુદ્દો લખવાની પ્રેરણા મળી છે. મોબાઇલ દ્વારા અવાજની દુનિયાથી કેટલાક વાંચક મિત્રો દૂર હોવા છતાં એટલા નજીક આવી ગયા છીએ કે બોલો, હુકમ કરો... જેવા શબ્દોથી શરૂ થતી વાતમાં એકાદ કૃષિલક્ષી મુદ્દો ટપકી પડતો હોય છે. પાછલા સાતેક વર્ષ દરમિયાન ખેડૂત પ્રભાત કોલમને દિલોજાનથી ચાહતા કેટલાક મિત્રો ગુમાવ્યાનું, આ તકે દુ:ખ પણ છે. આજે કેટલાક ખેડૂતો રાત્રે મોલાતને પિયત આપતી વખતે જાગીને ૧ વાગ્યે કૃષિ પ્રભાત ઉપર નજર કરીને સૂતા હોય છે. આજે ૫, માર્ચના રોજ ખેડૂત પ્રભાત કોલમ ૧૦ વર્ષ પુરા કરી, ૧૧માં વર્ષમાં પ્રવેશ કરે છે. આ ૧૬૪૯મો પીસ લખાઇ રહ્યોં છે, ત્યારે આ કોલમના લાખો વાંચકોનો અમે અંતરથી આભાર માનવા સાથે આ પ્લેટફોર્મ પર આપની તસવીરો અને વિગત માટે રાહ જોઇએ છીએ.

● કેટલાક વાંચક મિત્રો દૂર હોવા છતાં એટલા નજીક આવી ગયા છીએ કે બોલો, હુકમ કરો... જેવા શબ્દોથી શરૂ થતી વાતમાં એકાદ કૃષિલક્ષી મુદ્દો ટપકી પડતો હોય છે

# રવી પાકમાં ૩૦ થી ૫૦ ટકા સુધી ઉત્પાદન ઘટ...

● ચણાનો પાક ગઇ સાલ વીઘે ૨૦ થી ૩૦ મણ થયો હતો. તે ચાલું સાલ ૧૦ થી ૨૦ મણ જ ઉતરી રહ્યોં છે

લગભગ આગોતરા રવી પાકો તૈયાર થઇ બજારમાં પણ આવવા લાગ્યા છે, ત્યારે ખેડૂતો ચૌકન્ના બની ગયા છે. ખરેખર આ શિયાળું ઋતુના હવામાને કોઇને કોઇ રીતે ઉત્પાદન બાબતે વરવી ભૂમિકા ભજવી છે. જૂનાગઢ ખાતેથી જાણીતા એગ્રોનોમિસ્ટ સુભાષભાઇ ચોથાણી (મો.૯૮૨૫૧ ૨૫૮૨૭) કહે છે કે આ વખતના શિયાળામાં વાતાવરણનો ત્રણ ત્રણ વખત પલટો આવતા, લગભગ રવી પાકોને વત્તા-ઓછી ઉતારા ઘટવામાં અસર થઇ છે. પાક વાઇઝ તેઓ વાત કરતાં કહે છે કે ગત વર્ષે ઘઉં ૧૬ ગુંઠાના વીઘે ૨ થી ૨.૫ ખાંડી (૪૦ થી ૫૦ મણ) પાક્યા હતા. ચાલુ વર્ષે ૧.૫ થી ૨ ખાંડી ઘઉંનો ઉતારો છે. ચણાનો પાક ગઇ સાલ વીઘે ૨૦ થી ૩૦ મણ થયો હતો. તે ચાલું સાલ ૧૦ થી ૨૦ મણ જ ઉતરી રહ્યોં છે. તુવેરનું ઉત્પાદન ગત વર્ષે વીઘે ૧૨ થી ૧૮ મણ થયું હતું, તે ચાલું વર્ષે ઘટીને ૮ થી ૧૨ મણે પહોંચી ગયું છે.



જ્યારે અગત્યના મસાલા પાક એવા ધાણા અને જીરામાં ૫૦ ટકા કાપ મુકાયો છે. કેટલાક ખેડૂતોને તો શાક વઘારવા જેટલું જીરૂ ન થતાં, રોટાવેટર મારી દેવાના વખત પણ આવ્યા છે. કંદમૂળના લસણ અને ડુંગળી જેવા પાકમાં કાયમ કરતાં ગાંઠિયો બંધારણ અવરોધાતા સાઇઝ નાની મળવાથી ઉતારો ઘટવાનો છે. શિયાળું લગભગ પાકોમાં વત્તા-ઓછો કાપ મુકાયો છે, ત્યારે એની બજારો સારી મળે તો જ ખેડૂતોના બે છેડા ભેગા થાય એવું છે.

કૃષિ પ્રભાતનાં વોટસએપ ગ્રૂપમાં કોઇ કારણોસર જોડાય ન શકો તો મો. ૭૫૭૩૦૧૨૯૧૦ ઉપર KRUSHI લખી વોટસએપ કરવો

કૃષિ પ્રભાત રોજ વહેલી સવારે તમારા મોબાઈલમાં સીધુ મેળવવા અહીં ક્લીક કરો

CLICK

# મહિલા ખેડૂત બોલે ખેતરેથી...

## ખેતીના વ્યવસાય સાથે પાપડ, અથાણા, મેંગોની ફ્રૂટી જેવી ચીજો માટે ગૃહ ઉદ્યોગ શરૂ કર્યો છે...

શેરડી નાની હોય, ત્યારે વચ્ચેની જગ્યાના પુરક પાક તરીકે ચણા અથવા ઉનાળે મગનો પાક વાવીએ છીએ

**મહિલા ખેડૂતઃ જશુબેન મોહનભાઇ પટેલ, મો.૯૮૭૯૬ ૨૯૩૨૯, ગામઃ વેડછા, તા. જલાલપોર, જિ. નવસારી.**



મારા પરિવાર પાસે માત્ર ૫ વીઘા જમીન છે. પાણી માટે ૭૦ ફૂટનો ૧ બોર છે. અમારે અહીં મુખ્ય વાવેતર શેરડીનું કરવામાં આવે છે. સુગર ફેક્ટરીમાં જતી શેરડીનું નવે.-ડીસે.માં વાવેતર કરતું હોય છે. શેરડી નાની હોય, ત્યારે વચ્ચેની જગ્યાના પુરક પાક તરીકે ચણા અથવા ઉનાળે મગનો પાક વાવીએ છીએ. સમયસર શેરડીની જમીન ખાલી થઇ જાય તો ભીંડા જેવા શાકભાજી પાકો લઇએ છીએ. એ બધું જીવામૃત અને વર્મિકમ્પોસ્ટમાં ઓર્ગેનિક ખેતી તરીકે કરીએ છીએ. આ રીતે શાકભાજી પાકો ઉગાડાતા ખેડૂતોને અહીંની કૃષિ યુનિવર્સિટી, એરૂ ચાર રસ્તા પાસે વેચાણનું પ્લેટફોર્મ ઉભું કરી આપ્યું છે. અમારે ૧ વીઘામાં વધુ કેસર થોડા રાજાપુરી અને દશેરી કેરીના ૪૦ આંબા છે. અમે અંજની પાપડ ગૃહ ઉદ્યોગ શરૂ કર્યો છે. તેમાં પાંચ બહેનો જોડાયેલ છીએ. ગૃહ ઉદ્યોગમાં દરેક પ્રકારના પાપડ, નાગલી, ચોખા જેવી ચીજોની પાપડી, અથાણા, મેંગો ફ્રૂટી, લીંબુ સરબત, જેવી ઘણી વસ્તુંઓ બનાવીએ છીએ.

## કપાસમાં પાછોતરા સતત વરસાદ અને ગુલાબી ઇયળને લીધે ઉતારામાં કોઇ ઠેકાણા રહ્યાં નથી...

કપાસ છોડી દેવો છે, પરંતુ આ વર્ષે ઉંચકાયેલ બજારો જોઇ કપાસ છોડવાનું મન પણ થાય એમ નથી.

**મહિલા ખેડૂતઃ રેખાબેન હરેશભાઇ પટેલ, ગામઃ ભેચડા, તા. ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.**



મારા પરિવાર પાસે કુલ ૨૦ વીઘા જમીન છે. અમારી ખેતીના પાણીના સ્ત્રોતમાં બોર છે. સમયે સમયે નર્મદા બ્રાંચ કેનાલના પાણી પણ મળે છે. પશુપાલનમાં ૧ ભેંસ અને ૨ પાડી છે. ખેતમજૂરો રાખીને અમારી ખેતીના કામ નીપટાવ્યે છીએ. ગત ઉનાળું વાવેતરમાં પશુઓ માટેના લીલાચારાનું જ વાવેતર કર્યું હતું. આ વખતના ચોમાસું વાવેતરમાં કપાસ અને મગફળીનું વાવેતર કર્યું હતું. મગફળી તો કંઇક થઇ, પરંતુ કપાસમાં પાછોતરા સતત વરસાદ અને ગુલાબી ઇયળને લીધે ઉતારામાં કોઇ ઠેકાણા રહ્યાં નથી. હવે, તો એવું થાય છે કે કપાસ છોડી દેવો છે, પરંતુ આ વર્ષે ઉંચકાયેલ બજારો જોઇ કપાસ છોડવાનું મન પણ થાય એમ નથી. ચોમાસે મગફળીના પાળે વાવેલ એરંડાનો પાક આ શિયાળે ૮ વીઘામાં ઉભો છે. શિયાળું નવા વાવેતરમાં ૪ વીઘાના ધાણાનું વાવેતર કર્યું છે. બાકી ૮ વીઘામાં મઠડી વરિયાળીનું વાવેતર કર્યું છે. ઉનાળું વાવેતરમાં ૨ વીઘામાં પશુચારા વાવેતરનું આયોજન કર્યું છે.

# ચામડીનો રોગ સફેદ ડાઘના આ રહ્યા આયુર્વેદિક ઉપાયો..

સફેદ ડાઘ કોઈ રોગ નથી. એ માત્ર ચામડી નીચે જે રંગદ્રવ્ય હોય છે તે અદૃશ્ય થઈ જવાથી એટલે કે કોઈ રીતે નષ્ટ થવાથી દેખાતી ત્વચા છે. એ થવાનું કારણ વીરોધી ખાનપાન ગણાય છે. વીરુદ્ધ આહાર એટલે દુધ સાથે કેળાં, ખજુર, લીંબુ, પપૈયાં જેવાં ફળ, ગોળ, લસણ, ડુંગળી, મુળા, ગાજર, તુલસી, આદુ, દહીં, છાસ, કઢી, ઢોકળાં, અથાણાં જેવી કોઈ પણ ખટાશ, કે માંસ, મચ્છી, ઈંડાં, કોડલીવર ઓઈલ લેવું વીરુદ્ધ આહાર ગણાય. ઉપરાંત દહીં સાથે પણ ગોળ, મુળા, કેળાં વીરુદ્ધ આહાર ગણાય. તેમ જ ગોળ સાથે મુળા, તેલ, લસણ, અડદ પણ વીરુદ્ધ છે. વળી ઘી અને મધ સમાન ભાગે વીરુદ્ધ ગણાય છે. એ બે સાથે લેવાનાં હોય તો જરુર મુજબ એકને બીજાથી બમણું લેવું. સફેદ ડાઘમાં આ પરેજી ખાસ પાળવી.

ફ્રુટ સલાડ, ફ્રુટ જયૂસ, ફળો સાથે દૂધ, માંસ સાથે દૂધ ; માંસજન્ય દવાઓ સાથે દૂધ, ઈંડાં સાથે દૂધ ; ખટાશ સાથે દૂધ ; ડુંગળી, લસણ, ગાજર, મૂળા જેવાં હરિત દ્રવ્યો સાથે દૂધ લેવાથી ; ગોળ સાથે દૂધ , મૂળા , તેલ , લસણ કે અડદ લેવાથી ; દહીં સાથે દૂધ , દહીં સાથે કેળાં કે દૂધ લેવાથી ... વગેરે અનેક પ્રકારના વિરુદ્ધ આહાર કરવાથી ; કાયમી કબજિયાત રહેવાથી, કૃમિથી, અધ્યશન ( પચ્યા પહેલાં વારંવાર ખાવા ) થી, ખૂબ પસીનો વળે કે પસીનો ન જ વળે તેવો પોશાક પહેરવાથી, સવારે મોડા ઊઠવાથી કે દિવસે ઊંઘવાથી ચામડીના રોગોના ઉપદ્રવ થાય છે. અને તેમાંય કોઢ અને ધોળો કોઢ ખાસ થાય છે. આજે આવાં કારણોનું પ્રમાણ વધતું જવાથી " કોઢ " અથવા " સફેદ દાગનો " રોગ સર્વત્ર વધતો જ જાય છે.

### કઈ કક્ષા સુધી મટે ?

દરેક રોગને મટાડવા માટે એક ચોક્કસ કક્ષા - સ્ટેજ હોય છે. દસ વર્ષ પસાર થઈ ગયાં હોય તો તે ધોળો કોઢ અસાધ્ય સમજવો જોઈએ. સમજપૂર્વક વ્યવસ્થિત પ્રયત્નો કરવામાં આવે તો તે આગળ વધતો અટકે, થોડો ઓછો પણ થાય, કદાચ મટે, પણ મૂળમાંથી જાય નહીં ; કારણ મળતાં ફરીને



ડોકાયા વિના ન રહે. પાંચથી દસ વર્ષ વચ્ચેના પાપ્ય ધોળા કોઢમાં આહારવિહાર અને ઔષધની પૂરી કાળજી લેવામાં આવે તો કાબૂમાં રહ્યા કરે. એકથી પાંચ વર્ષની વચ્ચેનો કોઢ હોય અને ચિકિત્સાના ચારેય ચરણ બરાબર ગોઠવાય તો મહામુશ્કેલીએ મટી શકે ખરો. એક વરસની અંદરનો કોઢ સુખસાધ્ય હોવાથી યોગ્ય વૈદ્ય, યોગ્ય ઔષધ અને યોગ્ય દર્દીનું સંમિલન થતાં સરળતાથી મટી શકે છે. આજે તમામ કક્ષાના અને તમામના ધોળા કોઢ મટાડવાનો દાવો કરવામાં આવે છે, પરંતુ આયુર્વેદના ઊંડા અને લાંબા અનુભવે તે શક્ય નથી. આખું શરીર ધોળું થઈ ગયું હોય, શરીરમાં સર્વત્ર નાનાંમોટા ચકામાં થઈ અંતરછા ગયાં હોય, એક ચકામું વધતાં વધતાં બીજા ચકામાને સ્પર્શી ગયું હોય ; આંખો, હોઠ, હાથપગનાં તળિયાં, ગુહ્યાંગો અને વાળ કે રૂંવાડાં સફેદ થઈ ગયાં હોય તેનો રોગ મટવો શક્ય નથી.

### પરેજી અનિવાર્ય

કેવળ ઔષધસેવનથી કોઈનો ધોળો કોઢ મટવો શક્ય નથી. રોગના કારણરૂપ જે અપથ્ય હોય તેનું પરિવર્જન ફરજિયાત કરવું જ જોઈએ એટલે આવા દર્દીએ ઇચ્છાથી કે અનિચ્છાથી કોઢ કરનારા આહારવિહાર અને મનોવ્યાપારનો ત્યાગ કરવો જ રહ્યો. કફનો રંગ સફેદ હોવાથી અને સફેદ, ચીકણાં, ભારે, ખારાં, ખાટાં, ગળ્યા દ્રવ્યો કફકારક હોવાથી મીઠું, દહીં, દૂધ, કેળાં, ખાંડ, ગોળ, શેરડી, ઘી, માખણ, મીઠાઈઓ, ફળો, ફરસાણ, ટમેટાં, લીંબુ, અડદ, તલ વગેરેનો ત્યાગ કરવો. દિવસે ઊંઘવું નહીં, સંયમ પાળવો, ધોળા કોઢમાં પથ્ય એવાં ઘઉં, મગ, તુવેર, ચણા, કારેલાં, પરવળ, હળદર, મરી, તાંદળજો, મેથી, પાલખ, દૂધી, ગલકાં, કંટોલાં જેવાં દ્રવ્યોનું જ સેવન કરવું.

### ધોળા કોઢની સારવાર

ધોળા કોઢમાં ઘરગથ્થુ ઔષધરૂપે રોજ સવારે એક કપ ગોમૂત્ર પીવું અથવા સ્વમૂત્ર પીવું. ગોમૂત્રથી સ્નાન કરવું અથવા ગોમળ ઘસીને સ્નાન કરવું. આમા ગૌમૂત્ર તાજું જ લેવું. (૧૫-૨૦ મિનિટ સુધીનું).

જો આ થઈ શકે તેમ ન હોય તો રાત્રે પાણીમાં લીમડો પલાળીને સવારે તે પાણીથી સ્નાન કરવું. લીમડાનો કપ ભરીને રસ સવારે રાત્રે પીવો. લીંબોળીનું તેલ ડાઘ ઉપર ઘસવું. ખેરસાર અથવા સાચો પાનનો કાથો એકએક ચમચી ફાકી જેવો, ખેરની અંતરછાલ ઉકાળીને સ્નાન કરવું કે ડાઘ પર સિંચન કરવું. પીવાનું પાણી



ઉકાળતી વખતે ખેરસારની પોટલી નાખવી. બાવચીનું ચોખ્ખું તેલ ડાઘ ઉપર પાંચ મિનિટ ઘસી તેના ઉપર સૂર્યનાં કિરણ પાંચ - દસ મિનિટ ઝીલવાં. કબજિયાત હોય તેમણે વાયુ ચૂર્ણ અથવા તેના જેવું કોઈ માફક ઔષધ યોગ્ય માત્રામાં પાણી સાથે લેતાં રહેવું. લઘુ મંજિષ્ઠાદિ કે મહા મંજિષ્ઠાદિ ક્વાથ ઘેર ઉકાળીને કે તૈયાર લાવીને લેતા રહેવું અથવા તેની ગોળી જ થી ૬ ગોળી દિવસમાં બે - ત્રણ વખત પાણી સાથે ગળવી. તે રીતે ખદિરસાવાદિ ઘનવટી પણ ગણી શકાય.

તૈયાર ઔષધોમાં અને મારા મત પ્રમાણે સારામાં સારું ઔષધ જો કોઈ હોય તો તે છે બાકુચી લેપ અને બાકુચી રસાયન વટી. આ બન્ને લેવાથી પણ સારૂ એવું પરિણામ મળશે. આ રોગમાં સારું પરિણામ મેળવવા માટે દર્દીએ ઉતાવળે કેરી ન પાકે આ કહેવત પ્રમાણે ઉતાવળે પરિણામ મળશે નહીં. માટે ખૂબ જ ધીરજ રાખીને ઉપચાર કરવા. આ ઔષધ અમારા પાસેથી મળી જશે.

રોગ જૂનો અને જટિલ હોય તો વમન, વિરેચન, સ્વેદન તેમ જ પ્રછાનકર્મ ( ખોતરવું ) જેવી વ્યવસ્થિત ક્રિયાનો સહારો લેવો ઘણો હિતાવહ છે.પંચકર્મ કરાવ્યા પછી લેવાયેલાં ઔષધો વધુ કામયાબ બને છે.

### ઘરગથ્થુ ઉપચાર

(૧) અત્યંત ઉગ્ર ગંધને લીધે તરત ઓળખાઈ આવતા અને આખા ભારતમાં થતા બાવચીના છોડ આયુર્વેદનું પ્રસીદ્ધ ઔષધ છે. એક ચમચી બાવચીનાં બી એક ચમચી તલના તેલમાં વાટી સવાર-સાંજ એકાદ વરસ સુધી નીયમીત પીવાથી સફેદ ડાઘ અને બીજાં ચામડીનાં દર્દો નાશ પામે છે. એનો બીજો પાઠ પણ નીચે છે.

(૨) બાવચીનાં બીને દુધમાં ખુબ લસોટી ઘટ્ટ બને ત્યારે લાંબી સોગટી બનાવી લેવી. આ સોગટીને દુધમાં ઘસી પેસ્ટ(લેપ) જેવું બનાવી સફેદ ડાઘના ડાઘ પર લગાવી સવારના કુમળા તડકામાં અર્ધો કલાક બેસવું. લાંબો સમય આ ઉપચાર કરવાથી સફેદ ડાઘ મટે છે.

(૩) મન:શીલ, હરતાલ, કાળાં મરી, સરસીયુ અથવા બાવચીનું તેલ, અને આંકડાનું દુધ આ બધાંનો લેપ બનાવી ચોપડવાથી સફેદ ડાઘ મટે છે.

(૪) મોરથુથુ, વાવડીંગ, કાળાં મરી, કઠ-ઉપલેટ, લોધર અને મન:શીલ આ દ્રવ્યોનો લેપ સફેદ ડાઘ મટાડે છે.

(૫) કરંજનાં બી, કુવાડીયાનાં બી અને કઠ એટલે કે ઉપલેટ આ ત્રણે ઔષધો સમાન ભાગે લઈ બારીક ચુર્ણ કરો. એને ગૌમુત્રમાં લસોટી તેનો લેપ સફેદ ડાઘવાળા સ્થાન પર લગાડવાથી થોડા દીવસોમાં જ સફેદ ડાઘ મટવા લાગે છે.

(૬) રસવંતી અને કુવાડીયાનાં બીજને કોઠાના રસમાં મીશ્ર કરી કરેલો લેપ સફેદ ડાઘ મટાડે છે.

(૭) મુળા તથા સરસવનાં બીજ, લાખ, હળદર, પુંવાડીયાનાં બીજ, ગંધબીરોજા, ત્રીકટુ ચુર્ણ (સમાન ભાગે સુંઠ, મરી, પીપરનું ચુર્ણ), વાવડીંગનું ચુર્ણ આ બધાં ઔષધોને મીશ્ર કરી ગૌમુત્રમાં લસોટી લેપ કરવાથી દાદર, ખરજવું, ખસ, સફેદ ડાઘ, કીટીભ અને ભયંકર કપાલ કુષ્ઠ મટે છે.

**રાજ પરમાર**
**આયુર્વેદ જીવનશૈલી**
**યુટ્યુબ, ફેસબુક, ટેલિગ્રામ ચેનલ**

# કોઈ એવા તત્વનું સ્મરણ કરો કે ભૂતકાળની દુઃખદ ઘટનાનું આપોઆપ વિસ્મરણ થઈ જાય- મોરારિબાપુ




મારે એટલું જ કહેવાનું છે કે શોક સદૈવ ભૂતકાળનો હોય છે. જે ઘટના ઘટી જાય એના પર શોક ન કરો. આવું થઈ ગયું. આમ થઈ ગયું. એમ થશે એવું ન વિચારો. એકમાત્ર ઉપાય છે- એનું વિસ્મરણ કરો. હવે તમે પ્રશ્ન કરશો કે શું એ ભૂલવું આસાન છે? તમે તો કહી દીધું કે ભૂલી જાઓ, વ્યાસગાદી પરથી બોલવાનું સહેલું છે, પણ ભૂલવું એ કંઈ આસાન છે? ના, આસાન નથી, એ હું કબૂલ કરું છું. પણ ઉપાય છે. કોઈ એવા તત્વનું સ્મરણ કરો. વિસ્મરણ પોતાની મેળ જ થઈ જાય. હું ગત કથામાં કહી રહ્યો હતો કે તમે બધા ગાડી ચલાવો છો, ત્યારે પાછળ જોઈને કદી ડ્રાઇવિંગ કરો છો? અને કથા સાંભળ્યા પછી પ્રયોગ ના કરતા કે લાવ જરા એક મિનિટ આવો પ્રયોગ કરી જોઈએ. જો તમે ડ્રાઇવિંગ કરતાં આવી ચેષ્ટા કરશો તો આગળ અકસ્માત થશે અને પાછળ ધૂળ સિવાય કશું નહીં બચે. એવી જ રીતે જે ઘટના ઘટી ગઈ એનું ચિંતન કરતાં રહેશો તો આગળના ભવિષ્યમાં પણ ટકરાવ થશે. ક્યાંક તમારી ગાડી ટકરાઈ જશે. તેથી ભવિષ્ય મારી સામે છે. સુમિરનનું અને વર્તમાનનું સ્ટિયરિંગ મારા હાથમાં છે. હું સ્થિરતાથી સુમિરનના રસ્તે આગળ વધું. હું સમજી શકું છું કે ભૂલવું બહુ મુશ્કેલ છે, પણ જો ભૂલશો નહીં, ભરોસો નહીં કરો, તો પછી ગીતા વાંચવાનો શો ફાયદો મેળવ્યો તમે?

# આજે કર્મશૂન્ય અને જીવનશૂન્ય શિક્ષણ જ અસ્તિત્વમાં છે- પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી આઠવલે



ભારતીય શિક્ષણ પરંપરામાં પરીક્ષા ન હતી. જે પુસ્તકનો અભ્યાસ થયો હોય તે પુસ્તકનો શબ્દેશબ્દ વિદ્યાર્થીને આવડવો જોઈએ. તેથી ગુરુ શિષ્યને શલાકા પદ્ધતિથી પ્રશ્ન પૂછતા. શલાકા પદ્ધતિ એટલે પુસ્તકમાં સળી નાખી ખોલતા અને જે પાનું ખૂલે તેમાંથી પ્રશ્ન પૂછતા. મતલબ, આખું પુસ્તક વિદ્યાર્થીએ તૈયાર કરેલું હોવું જોઈએ. આજે વિદ્યાર્થીઓ માથે બોજો લઈને ફરે છે અને તેથી તેમને 'ગાઈડ'ની જરૂર પડે છે. ડિગ્રી વગરનું શિક્ષણ લેવા કોઈ તૈયાર નથી થતું. આજે કોઈ સિંહનો બચ્ચો નથી કે જે કહી શકે કે 'મને ડિગ્રી નથી જોઈતી. હું મારું રળી લઈશ.' આજે બધાં શિયાળો ભેગાં થયા છે. જુદી ઢબે કે જુદા ચીલે ભણવાની કોઈની હિંમત નથી. જ્યારે તપોવન પદ્ધતિમાં કર્મશૂન્ય અને જીવનશૂન્ય શિક્ષણ ન હતું. આજે કર્મશૂન્ય અને જીવનશૂન્ય શિક્ષણ જ અસ્તિત્વમાં છે. આજનું શિક્ષણ સેવાપરાયણ નથી. આજે સમાજમાં દુઃખ, દારિદ્રય અને દિનતા દેખાય છે. તેનું કારણ આજનું શિક્ષણ છે. વિદ્યાર્થીઓ શિક્ષણ લે છે, પરંતુ 'મારું આગળ શું થશે?' તેની ચિંતા કોલેજમાં ભણતાં વિદ્યાર્થીઓને છેલ્લા વર્ષ સુધી થતી હોય છે. આવા વિદ્યાર્થીઓ કોઈ જગ્યાએ થોડો ફાયદો જુએ કે લાચાર બને છે. આ ભણેલાના દિલની કંગાલિયત છે. આજના ભણેલાઓ કદાચ બોલવામાં હોશિયાર હશે તો ભાષણો આપશે, વ્યાખ્યાનો કરશે, પરંતુ પ્રત્યક્ષ સમાજ માટે કાંઈ કરી શકશે નહીં. તેઓ બધા દંભી થયા છે. બોલે છે ઘણું પરંતુ તેમના આચરણમાં તેમાંનું કશું હોતું નથી.

# સંસારથી ભાગવાની જરૂર નથી, જાગવાની જરૂર છે. જાગી ગયો તે જોગી-પૂ. શ્રી રમેશભાઇ ઓઝા

પનિહારી પાણી ભરીને નદીએથી આવતી હોય, માથે બેડું હોય અને હાથ હલાવતી આવતી હોય તો પણ બેડું પડે નહીં. કેમ? ગમે તેટલા લટકા મટકા કરે, મોજ કરે તો પણ એનું ધ્યાન તો બેડામાં જ હોય. એમ આપણે સંસારમાં ગમે તેટલા લટકા મટકા કરી લઈએ પણ આપણું ધ્યાન ભગવાનમાં હોય તો વાંધો ન આવે. આપણું ધ્યાન જો પરમાત્મામાં હશે તો સંસારમાં રહેવા છતાં સંસારમાં પડશું નહીં. સંસારથી ભાગવાની જરૂર નથી. સંસારથી જે ભાગે એમાં જ સંસાર રહે છે. ક્યોંકિ જીસસે ભી તુમ ભાગોગે વહ તુમ્હારે મનમેં રહેગા યહ નિયમ હૈ. સંસારથી ભાગવાની જરૂર નથી, જાગવાની જરૂર છે. ન ભોગના હૈ, ન ભાગના હૈ કેવલ જાગના હૈ. અર્જુન ભાગતો હતો. ગીતાએ શું કર્યું? ભાગતા અર્જુનને જગાડ્યો અને કહ્યું કે તું જાગેલો હોઈશ તો પછી યુદ્ધ કરીશ તો એ યુદ્ધ પણ ધર્મ છે. બેહોશ આદમી ધર્મ ભી કરતે હૈ તો ઉસસે યુદ્ધ પૈદા હોતા હૈ ઔર જાગ્રત આદમી યુદ્ધ ભી કરતા હૈ તો વહ ધર્મ બન જાતા હૈ. જે જાગી ગયો તે જોગી.



કૃષિ પ્રભાતમાં લેખ અથવા પ્રેસનોટ માત્ર અખબારનાં ઓફિસીયલ ઈ-મેઈલ આઈડી krushiprabhat૦૧@gmail.com પર મોકલવા વિનંતી

# ખેત તલાવડીના બાહરી કિનારાને સુગંધી વાળાથી બાંધી લેતા મેઘજળ જમીનમાં ઊંડે ઉતરે છે

● ઉત્તર ભારતમાં પહાડી પ્રદેશોમાં વરસાદી જળ જે રસ્તે પહાડ પરથી નીચે દડદડતા આવતા હોય એના માર્ગમાં થોડા થોડા અંતરે લાકડાની આડશ મૂકી થોડી માટીનું પુરાણ કરીને સુગંધી વાળો વાવી દેવામાં આવે છે. એનાથી ત્યાં પાણી અટકે છે.

પ્રાકૃતિક FPO



નીતુબેન પટેલ
મો.૮૭૯૯૩૪૨૦૯૯
fporachana@gmail.com
ફાઉન્ડર- સજીવન ફાઉન્ડેશન



ગુજરાતમાં કેટલાક વૈદ્યરાજો અને કેટલાક વૈજ્ઞાનિકોએ સુગંધી વાળોનો એક વનસ્પતિ તરીકે અભ્યાસ કર્યો છે. તો પણ નવી પેઢીમાં આપણને વનસ્પતિશાસ્ત્રીઓ બહુ ઓછા મળે છે. એકદળી વર્ગમાં આવેલા પોએસી કુળની એક વનસ્પતિ આ વેટિવર છે. અત્યારે ભારતમાં દક્ષિણ ભારત, હરિયાણા, ઉત્તર પ્રદેશ, ગુજરાત, બિહાર, આસામ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, બંગાળ, છોટા નાગપુર તેમજ અન્યત્ર નદી, નાળાં-કિનારાના ભાગોમાં ભરપુર પ્રમાણમાં જોવા મળે છે. તેનું ઘાસ ૦.૬ મી.થી ૧.૫ મી. ઊંચું થાય છે. તેનાં પર્ણો લાંબાં, સાંકડાં અને પટ્ટી આકારનાં; સાદાં અને એકાંતરિક હોય છે. તેનાં પુષ્પો ચમરી-સ્વરૂપે ગોઠવાયેલાં હોય છે. ચમરી લાંબી, ગુચ્છાકાર અને પાતળી શાખાઓવાળી હોય છે. તેનું મૂળતંત્ર તંતુમય હોય છે અને વાળાઓ જેવું દેખાય છે.

આપણા મોટાભાગના ખેતરો અસમતોલ હોય છે અને વરસોથી પાણીના ઢાળને કારણે ખેતરનો કોઈ એકાદ ખૂણો જરાક ઊંડો ઉતરી ગયો હોય છે. દર ચોમાસે એ ખૂણે પાણી ભરાય છે અને જમીનનું ધોવાણ પણ થાય છે. જો એ ખૂણામાં એલ આકારમાં સુગંધી વાળો વાવી દેવામાં આવે તો ધોવાણ અટકે છે અને વરસાદી જળ ખેતરના પેટાળમાં ઊંડે ઉતરે છે, બહાર વહી જતા નથી. જેને આપણે ખેત-તલાવડી કહીએ છીએ એને માટે પણ એ ઢળતા ઢાળનો ખૂણો જ યોગ્ય છે. ખેડૂત ત્યાં પથ્થરથી પણ તલાવડી બાંધી શકે. પરંતુ સૌથી સુગમ રસ્તો એ છે કે ૨૦×૨૦ નો ખાડો કરીને બહારના ભાગે ફરતે સુગંધી વાળો વાવી દેવો.

ઉત્તર ભારતમાં પહાડી પ્રદેશોમાં જળને જમીન ધારણ કરી શકતી નથી એ મોટી સમસ્યા છે. હવે પહાડી નિવાસીઓએ ત્યાં પણ સુગંધી વાળાની સફળ અજમાયશ કરી છે. વરસાદી જળ જે રસ્તે પહાડ પરથી નીચે દડદડતા આવતા હોય એના માર્ગમાં થોડા થોડા અંતરે લાકડાની આડશ મૂકી થોડી માટીનું પુરાણ કરીને સુગંધી વાળો વાવી દેવામાં આવે છે. એનાથી ત્યાં પાણી અટકે છે. પંખીઓ, કીટક, સરિસૃપો અને અન્ય જીવજંતુઓને એ જળ દ્વારા પોષણ મળી રહે છે. છેક ઉપરથી નીચે તળેટી સુધી આવી લાકડાની આડશ મૂકીને નાના બંધારા જેમ પાણીને રોકવામાં આવતા વરસાદી અને ઝરણાંના એમ બન્ને પ્રકારના જળનો સંગ્રહ થાય છે જેની પડતર અને પરિશ્રમ નહિવત્ હોય છે. દેશના દરેક એવા પર્વતો કે જેમાં વનવાસી પ્રજાનો વસવાટ છે ત્યાં આ પદ્ધતિ બહુ જ ઉપયોગી છે. ઉપરાંત પહાડ પરના પ્રાકૃતિક વાતાવરણની જાળવણી માટે પણ આ સાવ નાના-નાના બંધારાઓ બહુ મહત્ત્વનો સ્રોત બની જાય છે.

વાળો એક પ્રકારે વનીકરણની પ્રવૃત્તિને પણ પ્રોત્સાહન આપે છે. કારણ કે એનાથી ભૂગર્ભના જળની સપાટી ઊંચી આવતી હોવાને કારણે ખેતર કાંઠે અને ખેતરના શેઢાને અડોઅડ બહારના ભાગે પણ દેશી કુળના વૃક્ષોનો ઉછેર આસાનીથી અને ઘટાટોપ રીતે થાય છે. જો કે વાળો લગભગ બધા જ પ્રકારની જમીનમાં થતો હોવા છતાં ફળદ્રૂપ અને સારા નિતારવાળી રેતાળ ગોરાડુ જમીન તેને સૌથી અનુકૂળ આવે છે. ૧૦૦ સેમી.થી ૨૦૦ સેમી. વાર્ષિક વરસાદ થતો હોય અને તાપમાન ૨૧.૦ સે.થી ૩૫ સે. રહેતું હોય તેવા વિસ્તારોમાં તે વિપુલ પ્રમાણમાં થાય છે. તેની વૃદ્ધિ ફળદ્રૂપ કળણભૂમિમાં અને હૂંફાળી આબોહવામાં વધારે સારી રીતે થાય છે અને મૂળ સરસ ઘટ્ટ જાળી જેવાં વિકાસ પામે છે. ગુજરાતના કેટલાક જાણકાર ખેડૂતોનો આ અનુભવ છે. વધુ ખેડૂતો હવે સુગંધી વાળો તરફ વળી રહ્યા છે.

કેરળમાં ભસ્મ, મિશ્ર ખાતર, દરિયાઈ પક્ષીઓની હગાર અને માછલીની સુકવણીના વાડાઓનો કચરો વાળાના વાવેતર પછી એક માસ બાદ આપવામાં આવે છે. એમોનિયમ સલ્ફેટ, મગફળીનો ખોળ અને દરિયાઈ (Brine) ખાતર (જ્યાં માછલીની સુકવણી થઈ હોય તેનો અવશેષ) આપવાથી મૂળની સંખ્યા અને તૈલીદ્રવ્ય વધે છે.

દક્ષિણ ભારતના કૃષ્ટ ( કલ્ટિવેટેડ ) વિસ્તારોમાં વાળાના તાજા મૂળનું ઉત્પાદન હેક્ટર દીઠ ૪,૦૦૦ કિલોથી ૫,૦૦૦ કિલો થાય છે. અનાઈમલાઈની ટેકરીઓના પ્રદેશમાં સરકારી વાવેતર દ્વારા વધારેમાં વધારે હેક્ટર દીઠ ૭,૬૦૦ કિલો ઉત્પાદન મેળવવામાં આવ્યું છે. વાળાનાં મૂળ સુગંધીદાર હોય છે. તેમાંથી તેલ, અત્તર અને અર્ક બનાવવામાં આવે છે. ખસનું અત્તર ખૂબ જાણીતું છે. શરબતો બનાવવામાં, ગરમીથી રક્ષણ મેળવવા ખસની ટટ્ટી બનાવવામાં અને દક્ષિણ ભારતમાં તો અનેક ધાર્મિક કાર્યોમાં તેનો ઉપયોગ થાય છે. આયુર્વેદ અનુસાર તે વિવિધ પ્રકારમાં દીપન, પાચન, શીતળ, કડવો, મધુર અને રૂક્ષ છે. તે જ્વર, ઊલટી, મેદ, કફ, પિત્ત, તૃષા, દાહ, શ્રમ, પિત્તજ્વર, રક્તદોષ, કોઢનો નાશ કરે છે.

વાળો અને ચંદન સમભાગે ચોખાના ધોવાણમાં અને સાકરમાં લેવાથી રક્તપિત્ત મટે છે. પરસેવો અને શીતળામાં વાળાના બારીક ચૂર્ણનો લેપ શરીર પર કરવામાં આવે છે. તેના મૂળિયાની ફાંટ જ્વરઘ્ન ગણાય છે. એટલે કે એ તાવને મૂળથી દૂર કરે છે. ગરમીની અળાઈ અને ફોલ્લી પર વાળો, નાગરમોથ અને ધાણા સાથે ગુલાબજળમાં વાટી તેનો લેપ કરવામાં આવે છે. દાહ પર વાળો, ગુલાબ-પત્તી, કેસૂડો, અનંતમૂળ, શતાવરી, નાગરમોથ અને ખડીસાકર સમપ્રમાણમાં લઈ ચૂર્ણ બનાવી તેનું સેવન કરાવવામાં આવે છે. બાળકોને લોહીના ઝાડા, ઉધરસ, દમ અને ઊલટી ઉપર વાળો, ખડી- સાકર અને મધ-ચોખાના ધોવરામણમાં પિવડાવવામાં આવે છે. હૃદયશૂળમાં વાળો અને પીપરીમૂળનું ચૂર્ણ સમભાગે ગાયના ઘીમાં અરધી કે અરધાની અરધી ચમચી આપવામાં આવે છે.

( વધુ આવતીકાલે )

# સૌરાષ્ટ્ર-ગુજરાતના માર્કેટીંગ યાર્ડની આવક તથા ભાવ (ભાવ ૨૦ કિલોમાં / આવક ગુણીમાં)

### મગફળી જાડી

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૦ | ૧૦૪૦ | ૧૨૯૬ |
| અમરેલી | ૩૬૪૩ | ૯૦૧ | ૧૩૦૮ |
| સાવરકુંડલા | ૦ | ૧૨૦૦ | ૧૩૧૧ |
| જેતપુર | ૩૩૦૫ | ૯૭૧ | ૧૧૪૬ |
| પોરબંદર | ૧૨૪ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| વિસાવદર | ૩૭૫ | ૮૬૫ | ૧૨૭૧ |
| મહુવા | ૧૪૩૦ | ૧૨૦૧ | ૧૨૮૫ |
| ગોંડલ | ૧૯૨૨૬ | ૮૨૦ | ૧૨૯૧ |
| કાલાવડ | ૨૪૦૦ | ૯૨૧ | ૧૨૫૦ |
| જુનાગઢ | ૨૪૫૭ | ૯૦૦ | ૧૨૮૪ |
| જામજોધપુર | ૩૦૦૦ | ૯૦૦ | ૧૨૫૦ |
| માણાવદર | ૦ | ૧૩૦૦ | ૧૩૦૧ |
| તળાજા | ૮૪૮ | ૧૦૦૦ | ૧૨૬૧ |
| હળવદ | ૪૦૮ | ૧૦૨૫ | ૧૨૪૦ |
| ભેસાણ | ૯૭ | ૮૫૦ | ૧૧૮૫ |
| દાહોદ | ૦ | ૧૦૪૦ | ૧૧૦૦ |

### મગફળી ઝીણી

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૦ | ૯૦૯ | ૧૨૬૩ |
| અમરેલી | ૩૬૦૩ | ૧૧૩૦ | ૧૨૮૦ |
| કોડીનાર | ૮૦૦ | ૧૧૪૦ | ૧૩૩૦ |
| મહુવા | ૯૫૪ | ૧૦૮૨ | ૧૩૧૮ |
| ગોંડલ | ૩૩૦૬ | ૮૪૦ | ૧૨૮૬ |
| કાલાવડ | ૨૦૦૦ | ૯૨૧ | ૧૨૫૧ |
| જુનાગઢ | ૫૭૧ | ૧૦૦૦ | ૧૨૨૧ |
| જામજોધપુર | ૧૧૦૦ | ૯૨૦ | ૧૨૦૦ |
| ઉપલેટા | ૧૭૧ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ધોરાજી | ૨૪૩ | ૧૧૩૬ | ૧૨૬૧ |
| જેતપુર | ૨૨૦૩ | ૯૩૧ | ૧૨૨૫ |
| રાજુલા | ૩૪ | ૧૨૧૨ | ૧૨૧૩ |
| મોરબી | ૨૭૪ | ૧૦૫૦ | ૧૨૪૦ |
| જામનગર | ૧૨૦૩ | ૯૦૦ | ૧૧૯૩ |
| બાબરા | ૧૭૧ | ૧૦૭૫ | ૧૨૧૫ |
| બોટાદ | ૯ | ૧૦૦૦ | ૧૧૩૦ |
| ખંભાળિયા | ૧૧૮૦ | ૮૫૦ | ૧૨૫૦ |
| લાલપુર | ૫૫ | ૯૯૦ | ૧૨૦૦ |
| ધ્રોલ | ૨૨૬ | ૯૦૦ | ૧૨૧૬ |
| હિંમતનગર | ૧૩૫૦ | ૧૧૩૦ | ૧૩૭૫ |
| મોડાસા | ૧૩ | ૧૦૦૦ | ૧૧૬૪ |
| ડિસા | ૨૧૧૦ | ૧૦૬૦ | ૧૨૩૧ |
| ધનસૂરા | ૧૦ | ૮૫૦ | ૧૦૦૦ |
| ધાનેરા | ૭૧૦ | ૧૧૦૦ | ૧૨૨૨ |
| દીયોદર | ૨૦ | ૧૧૦૦ | ૧૨૬૦ |

### સીંગફાડા

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૫૦૦ | ૧૩૦૦ | ૧૭૨૫ |
| જેતપુર | ૬ | ૧૪૦૧ | ૧૫૫૧ |
| વિસાવદર | ૧ | ૧૩૩૫ | ૧૫૧૧ |
| જુનાગઢ | ૧૪ | ૧૩૦૦ | ૧૬૨૪ |
| ધોરાજી | ૩ | ૧૫૦૧ | ૧૫૯૬ |
| પોરબંદર | ૪ | ૧૨૦૦ | ૧૫૩૦ |
| ભેસાણ | ૩ | ૧૩૦૦ | ૧૪૬૦ |

### સીંગદાણા

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૫૦ | ૧૭૨૫ | ૧૭૭૫ |
| ઉપલેટા | ૧ | ૧૫૦૦ | ૧૬૧૧ |
| જેતપુર | ૧ | ૧૫૦૦ | ૧૬૫૦ |
| જસદણ | ૧૦ | ૧૨૫૦ | ૧૬૦૦ |
| અમરેલી | ૫ | ૯૦૦ | ૧૫૦૦ |
| ખંભાળિયા | ૫ | ૧૫૫૦ | ૧૭૧૦ |

### કપાસ

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૩૦૦૦૦ | ૧૬૪૫ | ૨૧૯૩ |
| અમરેલી | ૮૯૨૫ | ૧૪૦૦ | ૨૨૦૫ |
| સાવરકુંડલા | ૧૭૫૦ | ૧૫૮૦ | ૨૦૬૦ |
| જસદણ | ૧૧૦૦૦ | ૧૬૩૦ | ૨૧૫૦ |
| બોટાદ | ૫૯૦૪૦ | ૧૪૬૨ | ૨૨૧૫ |
| મહુવા | ૫૩૫ | ૧૨૦૦ | ૧૯૫૨ |
| ગોંડલ | ૧૮૧૫૫ | ૧૦૦૧ | ૨૧૮૧ |
| કાલાવડ | ૩૬૬૦ | ૧૯૦૦ | ૨૧૧૧ |
| જામજોધપુર | ૬૭૮૦ | ૧૪૫૦ | ૨૨૨૧ |
| ભાવનગર | ૨૦૭૦ | ૧૦૫૦ | ૨૧૩૭ |
| જામનગર | ૧૮૫૫૫ | ૧૫૦૦ | ૨૦૦૫ |
| બાબરા | ૧૭૦૦૦ | ૧૫૬૦ | ૨૨૧૫ |
| જેતપુર | ૪૫૫૫ | ૧૩૪૧ | ૨૧૩૧ |
| વાંકાનેર | ૨૧૫૦ | ૧૧૦૦ | ૨૦૩૮ |
| મોરબી | ૮૧૬૫ | ૧૫૫૦ | ૨૦૨૦ |
| રાજુલા | ૨૬૨૫ | ૧૦૦૦ | ૨૧૦૧ |
| હળવદ | ૬૧૨૦ | ૧૪૦૫ | ૨૦૦૨ |
| વિસાવદર | ૪૯૫ | ૧૫૬૩ | ૧૯૯૧ |
| તળાજા | ૭૪૨ | ૧૩૫૦ | ૨૧૨૪ |
| બગસરા | ૩૫૬ | ૧૩૫૦ | ૨૧૦૦ |
| જુનાગઢ | ૮૫ | ૧૪૦૦ | ૧૬૦૧ |
| ઉપલેટા | ૪૦૦૦ | ૧૫૦૦ | ૨૦૨૫ |
| માણાવદર | ૦ | ૧૫૦૦ | ૨૧૨૦ |
| ધોરાજી | ૪૨૫૫ | ૧૫૭૬ | ૨૧૦૬ |
| વિછીયા | ૪૫૦૦ | ૧૭૫૦ | ૨૦૬૦ |
| ભેંસાણ | ૧૦૫૦ | ૧૫૦૦ | ૨૧૦૦ |
| લાલપુર | ૨૯૫૦ | ૧૫૭૫ | ૨૦૮૦ |
| ખંભાળિયા | ૭૧૦ | ૧૬૫૦ | ૧૮૬૦ |
| ધ્રોલ | ૧૯૯૦ | ૧૬૨૫ | ૨૦૧૯ |
| સાયલા | ૬૧ | ૧૫૯૬ | ૨૦૫૩ |
| હારીજ | ૬૦૦ | ૧૪૦૦ | ૧૮૧૧ |
| ધનસૂરા | ૧૦૦ | ૧૫૦૦ | ૧૮૫૦ |
| વિસનગર | ૪૦૧૭ | ૧૩૦૦ | ૨૧૩૫ |
| વિજાપુર | ૩૯૬૬ | ૧૫૦૦ | ૨૧૮૧ |
| કુકરવાડા | ૬૪૨ | ૧૪૫૦ | ૨૦૯૬ |
| ગોજારીયા | ૧૩૫ | ૧૨૫૦ | ૨૦૫૦ |
| હિંમતનગર | ૬ | ૧૫૭૦ | ૨૦૬૦ |
| માણસા | ૧૧૧૦ | ૧૫૦૦ | ૨૧૨૪ |
| કડી | ૪૦૦ | ૧૪૦૦ | ૨૧૧૧ |
| પાટણ | ૧૩૫૨ | ૧૫૦૦ | ૨૦૦૩ |
| તલોદ | ૪ | ૧૬૦૦ | ૧૭૪૦ |
| સિધ્ધપુર | ૪૩૬ | ૧૪૦૦ | ૧૯૫૧ |
| ડોળાસા | ૩૦ | ૧૩૦૦ | ૧૮૦૦ |
| ટિંટોઇ | ૦ | ૧૬૪૦ | ૧૮૫૦ |
| બેચરાજી | ૦ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ગઢડા | ૮૦૦૦ | ૧૫૩૫ | ૨૧૨૧ |
| કપડવંજ | ૦ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| કરજણ | ૦ | ૧૮૦૦ | ૧૯૮૦ |
| ધંધુકા | ૩૩૭૫ | ૧૪૯૦ | ૧૯૯૬ |
| વીરમગામ | ૨૩૨ | ૧૩૨૯ | ૨૦૦૦ |
| જાદર | ૧૫ | ૧૬૫૦ | ૧૯૨૦ |
| ચાણસ્મા | ૧૪૯ | ૧૫૦૫ | ૧૯૨૦ |
| ખેડબ્રહ્મા | ૨૦ | ૧૬૦૦ | ૧૭૦૦ |
| ઉનાવા | ૪ | ૧૧૦૦ | ૨૦૯૭ |
| સતલાસણા | ૦ | ૧૪૦૦ | ૧૯૦૦ |

### એરંડા

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૪૩૮ | ૧૩૪૫ | ૧૪૩૨ |
| ગોંડલ | ૬૧ | ૧૪૦૧ | ૧૪૪૧ |
| જામનગર | ૧૧૩ | ૧૩૭૫ | ૧૪૨૭ |
| કાલાવડ | ૫૦ | ૧૩૦૦ | ૧૩૯૫ |
| સાવરકુંડલા | ૩૫ | ૧૩૮૦ | ૧૩૮૧ |
| જામજોધપુર | ૨૮૦ | ૧૪૧૫ | ૧૪૩૫ |
| જેતપુર | ૬ | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ઉપલેટા | ૨૨૫ | ૧૪૦૦ | ૧૪૫૬ |
| ધોરાજી | ૩૯ | ૧૪૨૧ | ૧૪૨૬ |
| મહુવા | ૩ | ૧૨૮૦ | ૧૩૨૦ |
| હળવદ | ૨૧૯૯ | ૧૪૩૦ | ૧૪૫૦ |
| ભાવનગર | ૨૨ | ૧૩૯૯ | ૧૪૦૦ |
| જસદણ | ૩૮ | ૧૦૫૦ | ૧૩૭૦ |
| બોટાદ | ૧૧ | ૧૦૪૦ | ૧૩૯૨ |
| વાંકાનેર | ૩૧ | ૧૪૦૪ | ૧૪૧૧ |
| મોરબી | ૫૩ | ૧૩૬૪ | ૧૪૦૧ |
| ભચાઉ | ૧૩૨૦ | ૧૪૩૬ | ૧૪૫૦ |
| ભુજ | ૦ | ૧૪૧૫ | ૧૪૪૦ |
| દશાડાપાટડી | ૦ | ૧૪૪૫ | ૧૪૫૨ |
| માંડલ | ૩૫૦ | ૧૪૨૫ | ૧૪૪૧ |
| ડિસા | ૬૯૭ | ૧૪૬૫ | ૧૪૭૭ |
| ભાભર | ૨૧૩૮ | ૧૪૪૦ | ૧૪૭૨ |
| પાટણ | ૩૨૫૨ | ૧૪૩૦ | ૧૪૮૧ |
| ધાનેરા | ૭૩૯ | ૧૪૬૦ | ૧૪૭૭ |
| મહેસાણા | ૫૯૨ | ૧૪૦૭ | ૧૪૫૫ |
| વિજાપુર | ૮૫૬ | ૧૪૧૦ | ૧૪૮૨ |
| હારીજ | ૨૧૦૦ | ૧૪૩૧ | ૧૪૬૬ |
| માણસા | ૧૩૭૦ | ૧૨૫૪ | ૧૪૭૫ |
| ગોજારીયા | ૭૭ | ૧૪૧૫ | ૧૪૩૦ |
| કડી | ૭૪૦૦ | ૧૪૪૫ | ૧૪૭૬ |
| વિસનગર | ૧૭૧૮ | ૧૪૦૦ | ૧૪૮૧ |
| પાલનપુર | ૧૬૪૬ | ૧૪૨૫ | ૧૪૮૦ |
| તલોદ | ૩૩૮ | ૧૪૩૫ | ૧૪૫૪ |
| થરા | ૧૪૩૦ | ૧૪૫૪ | ૧૪૮૭ |
| દહેગામ | ૨૬૬ | ૧૪૩૦ | ૧૪૫૦ |
| ભીલડી | ૩૩૪ | ૧૪૫૦ | ૧૪૭૦ |
| દીયોદર | ૭૦ | ૧૪૬૫ | ૧૪૭૮ |
| કલોલ | ૭૫૦ | ૧૪૪૧ | ૧૪૫૬ |
| સિધ્ધપુર | ૧૯૦૧ | ૧૪૨૮ | ૧૪૮૦ |
| હિંમતનગર | ૧૪૫ | ૧૪૦૦ | ૧૪૫૫ |
| કુકરવાડા | ૩૦૪ | ૧૪૦૦ | ૧૪૭૪ |
| મોડાસા | ૧૪૯ | ૧૪૦૦ | ૧૪૪૦ |
| ધનસૂરા | ૨૩૦ | ૧૪૩૦ | ૧૪૪૪ |
| ઇડર | ૨૧૯ | ૧૪૧૦ | ૧૪૫૮ |
| ટિંટોઇ | ૨૫ | ૧૩૮૦ | ૧૪૨૦ |
| પાથાવાડ | ૨૬૪ | ૧૪૬૧ | ૧૪૮૬ |
| બેચરાજી | ૦ | ૧૪૪૨ | ૧૪૫૧ |
| વડગામ | ૦ | ૧૪૭૦ | ૧૪૭૧ |
| ખેડબ્રહ્મા | ૧૪૮ | ૧૪૪૫ | ૧૪૫૭ |
| કપડવંજ | ૦ | ૧૩૫૦ | ૧૪૦૦ |
| વીરમગામ | ૪૨૪ | ૧૪૩૧ | ૧૪૫૨ |
| થરાદ | ૦ | ૧૪૪૦ | ૧૪૭૫ |
| રાસળ | ૦ | ૧૪૪૦ | ૧૪૫૫ |
| બાવળા | ૩૪૦ | ૧૪૦૦ | ૧૪૮૯ |
| સાણંદ | ૨ | ૧૩૮૮ | ૧૪૭૪ |
| આંબલિયાસણ | ૨૭૦ | ૧૪૨૯ | ૧૪૩૮ |
| સતલાસણા | ૦ | ૧૪૨૫ | ૧૪૪૬ |
| શિહોરી | ૬૦ | ૧૪૫૨ | ૧૪૬૫ |
| ઉનાવા | ૩૪૪ | ૧૪૫૫ | ૧૫૧૧ |
| લાખાણી | ૪૦૧ | ૧૪૫૧ | ૧૪૭૫ |
| પ્રાંતિજ | ૦ | ૧૪૦૦ | ૧૪૫૦ |
| સમી | ૮૧ | ૧૪૬૫ | ૧૪૭૬ |
| વારાહી | ૦ | ૧૪૩૦ | ૧૪૫૦ |
| જાદર | ૪૫ | ૧૪૫૦ | ૧૪૭૬ |
| જોટાણા | ૧૯૦૦ | ૧૪૨૫ | ૧૪૩૭ |
| ચાણસ્મા | ૫૮ | ૧૪૧૧ | ૧૪૬૮ |
| દાહોદ | ૦ | ૧૨૯૦ | ૧૩૦૦ |

## ગુજરાતમાં જણસીનાં કામકાજ (ગુણીમાં)

| જણસી | ગઈકાલ | આજ | જણસી | ગઈકાલ | આજ | જણસી | ગઈકાલ | આજ |
|---|---|---|---|---|---|---|---|---|
| મગફળી જાડી | ૫૯૩૧૨ | ૩૭૩૧૩ | મકાઇ | ૮૬ | ૧૧૯ | મેથી | ૧૫૨૦ | ૧૩૬૫ |
| મગફળી ઝીણી | ૨૩૬૬૯ | ૨૨૩૧૭ | ડાંગર | ૧૭૯ | ૧૮૧ | સુવા | ૩૧ | ૮૫ |
| સીંગફાડા | ૪૬૫ | ૫૩૧ | જવ | ૧ | ૦ | રાજગરો | ૬૫૨ | ૧૧૯૧ |
| સીંગદાણા | ૮૬ | ૭૨ | રજકા બી | ૦ | ૦ | અજમો | ૫૦ | ૮૦ |
| કપાસ | ૨૪૮૪૮૪ | ૨૪૬૮૭૨ | ચણા | ૫૩૧૨૬ | ૬૩૮૯૫ | હળદર | ૦ | ૦ |
| એરંડા | ૩૭૧૦૩ | ૩૮૩૫૭ | તુવેર | ૧૧૧૩૫ | ૧૧૯૩૩ | મરચાં | ૧૩૭૭ | ૧૭૫૭ |
| તલ સફેદ | ૮૭૨ | ૯૬૨ | અડદ | ૫૩૫ | ૬૬૯ | ડુંગળી લાલ | ૧૯૭૩૮૩ | ૧૪૩૬૬૯ |
| તલ કાળા | ૫૯૭ | ૫૫૩ | મગ | ૪૦૦ | ૨૯૪ | ડુંગળી સફેદ | ૬૯૨૮૧ | ૬૫૦૬૭ |
| રાયડો | ૮૭૬૨૯ | ૧૦૧૦૪૬ | મઠ | ૧૬ | ૩૯ | બટાટા | ૨૩૯૦ | ૩૬૪૪ |
| રાય | ૩૨૦૫ | ૨૯૬૮ | ચોળી | ૭૯ | ૨૮ | ગવાર | ૨૬૦ | ૩૦૪ |
| સોયાબીન | ૨૭૬૩ | ૨૨૩૨ | વાલ | ૬૮ | ૬૧ | તમાકુ | ૦ | ૦ |
| ઘઉ લોકવન | ૨૦૨૩૨ | ૨૧૯૫૮ | જીરુ | ૨૧૬૧૪ | ૨૧૯૨૫ | કલકતી તમાકુ | ૦ | ૦ |
| ઘઉ ટુકડા | ૧૨૯૪૨ | ૧૧૮૮૨ | ધાણા | ૨૧૨૮૩ | ૨૪૦૮૬ | દેશી તમાકુ | ૦ | ૦ |
| બાજરી | ૨૧૪૪ | ૧૬૩૦ | ઇસબગુલ | ૨૪ | ૩૧ | બન્ટી | ૫ | ૮ |
| જુવાર | ૨૨૯૪ | ૧૪૭૮ | વરીયાળી | ૧૭૮ | ૧૩૧ | લસણ | ૪૯૨૫ | ૪૭૪૧ |
| ગુજરાતમાં જણસીના કુલ કામકાજ | | | | | | | ૮૮૮૩૯૪ | ૮૩૫૪૭૩ |

### તલ સફેદ

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૩૫૭ | ૧૮૫૦ | ૨૨૫૨ |
| ગોંડલ | ૨૨૭ | ૧૬૦૦ | ૨૨૪૧ |
| અમરેલી | ૮૧ | ૧૨૦૦ | ૨૧૭૫ |
| બોટાદ | ૯ | ૧૭૦૦ | ૨૦૪૫ |
| સાવરકુંડલા | ૮૦ | ૧૮૦૦ | ૨૧૩૦ |
| ભાવનગર | ૫ | ૧૬૦૧ | ૧૯૭૫ |
| જામજોધપુર | ૪ | ૧૭૨૦ | ૨૧૦૫ |
| વાંકાનેર | ૩ | ૧૮૦૦ | ૧૮૭૪ |
| જેતપુર | ૨૩ | ૧૫૦૧ | ૨૧૧૧ |
| જસદણ | ૨૧ | ૧૨૦૦ | ૨૧૦૦ |
| વિસાવદર | ૨૫ | ૧૮૫૦ | ૨૦૭૬ |
| મહુવા | ૫ | ૧૩૫૨ | ૧૭૦૦ |
| જુનાગઢ | ૫૯ | ૧૪૦૦ | ૨૧૫૦ |
| રાજુલા | ૧ | ૨૨૦૧ | ૨૨૦૨ |
| માણાવદર | ૦ | ૧૮૦૦ | ૨૦૫૦ |
| પોરબંદર | ૧ | ૧૮૦૦ | ૧૮૦૧ |
| ભેંસાણ | ૭ | ૧૬૦૦ | ૧૯૫૦ |
| તળાજા | ૧૧ | ૧૯૩૦ | ૨૦૫૧ |
| ભચાઉ | ૫ | ૧૭૦૦ | ૧૯૩૦ |
| ઉંઝા | ૦ | ૧૮૦૦ | ૧૯૩૫ |
| ધાનેરા | ૧ | ૧૮૮૧ | ૧૮૮૨ |
| વિસનગર | ૧ | ૧૭૯૦ | ૧૭૯૧ |
| પાટણ | ૪ | ૧૬૨૫ | ૧૮૫૦ |
| કલોલ | ૧૦ | ૧૮૨૫ | ૧૮૨૬ |
| કપડવંજ | ૦ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| બાવળા | ૧ | ૧૭૦૦ | ૧૭૦૧ |
| લાખાણી | ૨૧ | ૧૮૧૯ | ૧૯૦૦ |
| દાહોદ | ૦ | ૧૭૦૦ | ૧૯૦૦ |

### તલ કાળા

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૩૩૬ | ૧૯૪૦ | ૨૫૮૦ |
| અમરેલી | ૬૭ | ૧૩૫૦ | ૨૨૫૫ |
| સાવરકુંડલા | ૦ | ૧૯૦૧ | ૨૨૯૧ |
| બોટાદ | ૫૦ | ૧૭૭૫ | ૨૨૯૦ |
| રાજુલા | ૩ | ૧૬૦૦ | ૧૮૫૦ |
| જુનાગઢ | ૪૩ | ૧૫૦૦ | ૨૨૬૮ |
| જામજોધપુર | ૩૨ | ૧૫૮૫ | ૨૩૮૫ |
| તળાજા | ૧ | ૧૯૨૫ | ૧૯૨૬ |
| જસદણ | ૧૪ | ૧૩૫૦ | ૨૩૦૦ |
| ભાવનગર | ૨ | ૧૫૦૦ | ૧૫૦૧ |
| મહુવા | ૨ | ૧૭૦૦ | ૨૦૫૦ |
| બાબરા | ૩ | ૧૭૦૦ | ૨૨૭૦ |
| વિસાવદર | ૦ | ૨૦૧૫ | ૨૩૨૧ |

### રાયડો

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૨૧૧૮ | ૧૦૭૫ | ૧૨૪૪ |
| ગોંડલ | ૧૨૮ | ૧૧૬૧ | ૧૨૫૧ |
| જામનગર | ૩૧૧૭ | ૮૦૦ | ૧૨૯૦ |
| જામજોધપુર | ૩૩૫ | ૧૦૪૫ | ૧૨૪૫ |
| હળવદ | ૮૭૬ | ૧૧૨૫ | ૧૨૮૨ |
| લાલપુર | ૫૦ | ૧૦૦૦ | ૧૧૯૬ |
| ધ્રોલ | ૪૭ | ૧૦૫૫ | ૧૨૧૨ |
| દશાડાપાટડી | ૦ | ૧૦૧૦ | ૧૨૪૦ |
| ભુજ | ૦ | ૧૨૦૦ | ૧૨૫૭ |
| પાટણ | ૧૯૧૬૪ | ૧૨૨૫ | ૧૩૦૧ |
| ઉંઝા | ૦ | ૧૦૨૧ | ૧૬૪૦ |
| સિધ્ધપુર | ૭૧૨૧ | ૧૨૦૦ | ૧૩૦૫ |
| ડિસા | ૧૦૫૮૫ | ૧૨૧૧ | ૧૨૯૭ |
| મહેસાણા | ૨૫૦૦ | ૧૧૦૦ | ૧૨૭૫ |
| વિસનગર | ૯૧૭૮ | ૧૧૭૫ | ૧૩૦૫ |
| ધાનેરા | ૭૮૪૪ | ૧૧૫૦ | ૧૩૪૧ |
| હારીજ | ૨૨૫૦ | ૧૧૨૫ | ૧૨૯૫ |
| ભીલડી | ૧૮૨૪ | ૧૧૨૫ | ૧૨૮૬ |
| દીયોદર | ૨૫૦ | ૧૦૫૦ | ૧૩૦૦ |
| દહેગામ | ૪૦ | ૧૨૫૧ | ૧૨૮૧ |
| કલોલ | ૧૦૦૦ | ૧૧૦૦ | ૧૨૬૭ |
| ખંભાત | ૨૭૦ | ૯૦૦ | ૧૨૫૫ |
| પાલનપુર | ૬૮૯૨ | ૧૧૫૧ | ૧૩૦૧ |
| કડી | ૨૬૪૦ | ૧૦૪૦ | ૧૨૭૧ |
| માણસા | ૨૩૦૦ | ૧૦૨૫ | ૧૨૯૦ |
| હિંમતનગર | ૩૨૫ | ૧૧૦૦ | ૧૩૦૫ |
| કુકરવાડા | ૬૫૪ | ૧૧૦૦ | ૧૨૮૫ |
| ગોજારીયા | ૮૦૨ | ૧૦૫૦ | ૧૨૭૭ |
| થરા | ૩૫૦૦ | ૧૧૨૬ | ૧૩૧૨ |
| મોડાસા | ૫૧૨ | ૧૦૦૦ | ૧૨૮૫ |
| વિજાપુર | ૭૬૨ | ૧૧૫૦ | ૧૩૧૬ |
| તલોદ | ૨૨૦ | ૧૧૦૧ | ૧૨૮૧ |
| ટિંટોઇ | ૩૫ | ૧૧૫૦ | ૧૨૬૬ |
| પાથાવાડ | ૬૭૨૫ | ૧૨૦૦ | ૧૩૬૦ |
| બેચરાજી | ૦ | ૧૨૦૦ | ૧૨૮૦ |
| થરાદ | ૦ | ૧૨૨૦ | ૧૩૩૯ |
| વડગામ | ૦ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| રાસળ | ૦ | ૧૨૩૦ | ૧૩૩૫ |
| બાવળા | ૪૬ | ૧૦૦૦ | ૧૨૧૧ |
| સાણંદ | ૧ | ૧૦૯૯ | ૧૧૯૯ |
| વીરમગામ | ૩૭૧ | ૧૦૦૦ | ૧૨૮૧ |
| આંબલિયાસણ | ૬૦૨ | ૧૦૩૦ | ૧૨૭૦ |
| લાખાણી | ૫૨૮૩ | ૧૧૫૦ | ૧૩૨૪ |
| ચાણસ્મા | ૬૪૦ | ૧૧૪૮ | ૧૨૭૨ |
| સમી | ૪૦ | ૧૧૫૦ | ૧૨૪૦ |

### રાય

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૧૪૦૦ | ૧૦૪૫ | ૧૧૯૦ |
| બોટાદ | ૧૦૩ | ૯૫૦ | ૧૨૪૧ |
| ગોંડલ | ૩૫૨ | ૧૦૦૦ | ૧૨૫૧ |
| જસદણ | ૨૦૦ | ૧૦૮૦ | ૧૨૨૦ |
| કોડીનાર | ૩૫ | ૯૫૦ | ૧૧૧૮ |
| જૂનાગઢ | ૬ | ૮૫૦ | ૧૧૭૦ |
| અમરેલી | ૧ | ૧૦૫૦ | ૧૧૬૫ |
| ભાવનગર | ૧૩ | ૧૧૫૦ | ૧૧૫૧ |
| મહુવા | ૧ | ૧૨૦૦ | ૧૨૦૧ |
| મોરબી | ૨૦૩ | ૯૧૫ | ૧૧૫૧ |
| સાવરકુંડલા | ૧ | ૧૧૦૦ | ૧૧૦૧ |
| વાંકાનેર | ૬૦૦ | ૧૦૦૦ | ૧૨૩૩ |
| વિસાવદર | ૨ | ૯૫૦ | ૧૧૦૦ |
| ધ્રોલ | ૫૧ | ૯૪૦ | ૧૧૩૦ |

### સોયાબીન

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૫૦૦ | ૧૩૭૦ | ૧૪૪૦ |
| વિસાવદર | ૮૨ | ૧૩૦૦ | ૧૪૫૬ |
| ગોંડલ | ૧૫૯ | ૧૩૫૦ | ૧૪૫૬ |
| જસદણ | ૭ | ૧૨૫૦ | ૧૪૫૦ |
| જામજોધપુર | ૧ | ૧૧૭૫ | ૧૩૭૫ |
